ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૮ ડીગ્રી
લઘુતમ : ૩૦.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૬ ટકા

# જીમખાનાનાં ગાર્ડ પાસેથી ચોરીનો મોબાઈલ જપ્ત

## સે-૨૧ જીમખાનામાં સ્વિમીંગ કરવા ગયેલા યુવાનનો મોબાઈલ ચોરી થયો હતો : એલસીબીએ ગાર્ડને પકડી પાડયો



ગાંધીનગર, તા.૨૬

શહેરના સેકટર-૨૧ જીમખાના ખાતે સ્વિમીંગ કરવા જતા એક યુવાનનો મોબાઈલ ચોરી થઈ ગયો હતો. આ મામલે સે-૨૧ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. ગાંધીનગર એલસીબીની ટીમે આ ચોરાયેલા મોબાઈલ સાથે જીમખાનામાં જ સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા શખ્સને પકડી પાડયો છે. ચોરીનો રૂ. ૨૦ હજારની કિંમતનો મોબાઈલ રિકવર કરી સિકયુરીટી ગાર્ડની ધરપકડ કરી એલસીબીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમના પીએસઆઈ કે.જે. રાઠોડ તથા તેમના સ્ટાફના માણસો ગઈ કાલે શહેરના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન કોન્સ્ટેબલ યજુવેન્દ્રસિંહને મળેલી બાતમી આધારે સેકટર-૨૧ જીમખાના પાસેથી એક ચોરીના મોબાઈલ સાથે સે-૧૭માં જ ટાઈપ બ્લોક નં. ૧૨૪/૩ ખાતે રહેતા અજય નન્હેલાલ ગુપ્તા નામના શખ્સને પકડી પાડયો હતો. આ શખ્સ પાસેથી રૂ. ૨૦ હજારની કિંમતનો જે મોબાઈલ મળી આવ્યો તે ચોરીનો હતો અને સે-૨૧ જીમખાનામાં સ્વિમીંગ કરવા ગયેલા એક યુવાનનો મોબાઈલ ચોરી થઈ ગયો હતો તે જ મોબાઈલ હતો. અજય ગુપ્તા સે-૨૧ જીમખાનામાં જ ગૌરવ સિકયુરીટી સર્વિસના કોન્ટ્રાકટ હેઠળ સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતો હોવાનું તપાસમાં ખુલ્યું છે. એલસીબીએ ચોરીનો મોબાઈલ અને આરોપી સે-૨૧ પોલિસને સોંપતા સે-૨૨ પોલિસે વધુ પુછપરછ શરુ કરી છે.

## @ગાંધીનગર

● માઈન્ડ પાવર વિષય પર સેમિનાર બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન આંબેડકર હોલ, સે-૧૨ ખાતે યોજાશે.

● હનુમાનજી મહારાજની આરાધના સાથે 'સુંદરકાંડ' પાઠ રાત્રે ૮.૩૦ કલાકે ભારતીબાપુની વ્યાસપીઠે ડૉ. જયનીતા પટેલના નિવાસસ્થાન સે-૨૮, પ્લોટ નં. ૨૩૯/૨, ઘ-૬ સર્કલ ગાંધીનગર ખાતે યોજાશે.

## ત્રિદલ યોજે છે 'કવિનો શબ્દ' કાર્યક્રમ

શિક્ષણ સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી ત્રિદલ સંસ્થાના ઉપક્રમે તા. ૨૮મી મેના રવિવારે સાંજના પાંચ કલાકે પ્લોટ નં. ૭૯૦/૧, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સે-૨૧, ગાંધીનગર ખાતે 'કવિનો શબ્દ' કાર્યક્રમ અંતર્ગત સ્થાનિક શબ્દ સર્જકો મૌલિક રચનાથી અભિવ્યકિત કરશે.

સર્જક અભિવ્યકિતનું સંચાલન જાણીતા સાહિત્યકાર કવિ નટવર હેડાઉ પ્રમુખ ગાંધીનગર સાહિત્ય સભા કરશે. સૌ સાહિત્ય સર્જકો-ભાવકો અને સભ્યોને ઉપસ્થિત રહેવા માટે ત્રિદલ ગાંધીનગરના પ્રમુખ શ્રી ભાનુપ્રસાદ પુરાણીએ જણાવેલ છે.

## અડાલજ કેનાલમાં છલાંગ મારી દેનાર યુવાનનો મૃતદેહ મળ્યો

### 'પથરીનો દુઃખાવો સહન કરી શકતો નથી, હું આપઘાત કરું છું' : ઘરે પત્નિને કોલ કરીને કેનાલમાં કુદ્યો હતો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક અડાલજ કેનાલમાં ગઈ સમી સાંજે એક યુવાને છલાંગ લગાવી હતી. મોડી સાંજ સુધી શોધખોળ બાદ પણ મૃતદેહ મળ્યો ન હતો. દરમિયાન આજે સવારે સવા અગિયાર વાગ્યાના અરસામાં આ યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની પત્નિના નિવેદન મુજબ તેમને કોલ કરીને તેમના પતિએ કહ્યું હતું કે 'હું પથરીનો દુઃખાવો સહન કરી શકતો નથી, હું આપઘાત કરું છું' તેમ કહી કેનાલમાં પડતું મુકયું હતું. અડાલજ પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈ કાલે સમી સાંજે ચાંદખેડાના એક યુવાને અડાલજ નર્મદા કેનાલમાં પડતું મુકયું હતું. બહિયલના તરવૈયાઓની ટીમે શોધખોળ કરી હોવા છતાં મોડી સાંજ સુધી મૃતદેહ મળી આવ્યો ન હતો. આજે સવારે મૃતદેહ મળતા પોલિસને બોલાવવામાં આવી હતી. અડાલજ પોલિસ મથકના જમાદાર નરેન્દ્રભાઈએ મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું કારણ બહાર લાવવા પરીવાર જનોના નિવેદન લેવાનું શરુ કર્યું છે. આપઘાત કરનાર ચાંદખેડાનો ૪૫ વર્ષીય પરિણીત યુવાન કૌશિક રેવાભાઈ રાઠોડ હતો. કૌશિકે તેની પત્નિને ફોન કર્યો હતો કે 'હું હવે પથરીનો દુઃખાવો સહન કરી શકતો નથી, હું અડાલજ કેનાલમાં આપઘાત કરું છું' આટલું કહીને ફોન કાપી નાંખ્યો હતો. પત્નિ કેનાલે પહોંચે તે પહેલા તો પતિએ કેનાલમાં પડતું મુકી દીધું હતું. પત્નિના આ નિવેદન આધારે અડાલજ પોલિસે વધુ તપાસ શરુ કરી છે.

# ગ-માર્ગ પરની ખુલ્લી ગટર જોખમરૂપ..!!

## યુથ હોસ્ટેલ નજીકની આ ખુલ્લી ગટર રાહદારીઓ-વાહનચાલકો માટે 'મોતના કુવા' સમાન : અનેક રજૂઆતો છતાં તંત્રના આંખ આડા કાન





ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના ગ માર્ગ પર યુથ હોસ્ટેલ નજીક એક ગટર ઘણા સમયથી ખુલ્લી હાલતમાં હોવાને કારણે આ વિસ્તારના રાહદારીઓ તથા વાહનચાલકો માટે જોખમરૂપ બની છે. આ અંગે યુથ હોસ્ટેલના સંચાલકો તથા અન્ય અગ્રણીઓ દ્વારા અનેકવાર તંત્રને રજૂઆત કરવા છતાં તે પ્રત્યે ગંભીર દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે.

શહેરના અનેક માર્ગો પર ગટર ચેમ્બર રોડના લેવલ કરતા ઉંચી હોવાની તથા તેના ઢાંકણા તુટેલા જોખમી હોવાની ફરિયાદો જોવા મળે છે. ખાસ કરીને ખ માર્ગ પરની ગટર ચેમ્બરો તો મોતના કુવા જેવી જોખમી જણાય છે. છતાં તંત્રના કાન નીચે જુ પણ ફરકતી નથી. આ ઉપરાંત શહેરના ગ માર્ગ પર સે-૧૬માં પ્રવેશવાના 'કટ' પાસે જયાં માહિતી ખાતાની ઈલેકટ્રોનિકસ મિડીયા અંગેની કચેરી આવેલી છે તે કોર્નર પાસે યુથ હોસ્ટેલ નજીક એક ગટર ચેમ્બરનું ઢાંકણું જ ઘણા સમયથી ગાયબ છે. આ ગટર ચેમ્બર પર તુટેલા ઢાંકણાના અવશેષો મુકવામાં આવ્યા છે પરંતુ તેના ઢાંકણાની વ્યવસ્થા નથી કરાઈ. યુથ હોસ્ટેલના સંચાલક તથા અન્ય અગ્રણીઓ દ્વારા અનેકવાર આ અંગે તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું છે. પરંતુ આ ગટર ચેમ્બરને બંધ કરવા માટે કોઈ પગલાં લેવાયા નથી. ખુલ્લી ગટરના કારણે અહીં રાહદારીઓ કે વાહનચાલકો માટે જોખમ ઉભું થવા પામ્યું છે. આ ખુલ્લી ગટર કોઈનો ભોગ લે તે પહેલા સત્વરે તેને બંધ કરવામાં આવે તેવી આ વિસ્તારની પ્રજામાં માંગ પ્રવર્તી રહી છે.

## ગાંધી મિત્ર વર્તુળની આજે મળનારી માસિક બેઠક

ગાંધીનગર, તા.૨૬

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની માસિક બેઠક આજ રોજ સાંજે સાડા પાંચ વાગે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૨-ગાંધીનગર ખાતે મળશે.

આ બેઠકમાં ગાંધી મિત્ર વર્તુળના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી ગાંધીજીના એકાદશ મહાવ્રતો પૈકી 'અભય' વ્રત પર પોતાનું વકતવ્ય આપશે. ગાંધીજનોને બેઠકમાં હાજર રહેવા ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરના મંત્રી સોમાભાઈ ડી. પરમારે જણાવ્યું છે.

## સે-૧૧માંથી લ્યુનાની ઉઠાંતરી : સીસીટીવી કેમેરામાં લ્યુના ચોર કેદ

ગાંધીનગર શહેરના સેકટર-૪-સી પ્લોટ નં. ૫૮૭/૧ ખાતે રહેતા જયંતિલાલ રામજીભાઈ મકવાણા આજે સવારે સાહિત્યને લગતી માહિતી મેળવવા સેકટર-૧૧માં કેપિટલ ઓફસેટ ખાતે પોતાનું લ્યુના લઈને ગયા હતા. માહિતી લઈને પરત ફર્યા ત્યારે પાર્કિંગમાં આવી જોયું તો તેમનું લ્યુના ગાયબ હતું. કોઈ વાહનચોર કાકાનું લ્યુના ઉઠાવીને રફફુચક્કર થઈ ગયું હતું. આ મામલે કાકાએ સે-૭ પોલિસ સ્ટેશનમાં લ્યુના ચોરી અંગેની અરજી આપી છે. નોંધનીય બાબત એ છે કે આ લ્યુનાની ઉઠાંતરી કરી જનાર શખ્સ સે-૧૧ના રાધે સ્વીટસ ખાતે લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો છે.

## માહિતી ખાતાના ક્રેડીટ સોસાયટીના હોદ્દેદારો નિમાયા

રાજયના માહિતી ખાતાની કચેરીના ક્રેડીટ સોસાયટીના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી છે.

જેમાં સર્વાનુમતે પ્રમુખપદે શ્રી મુકેશભાઈ જી. પટેલ, ઉપપ્રમુખ પદે શ્રી જી.એસ. ઠાકોર, માનદ મંત્રી પદે જયંતિભાઈ ચૌધરી, આંતરિક ઓડિટર શ્રી જગદીશ સત્યદેવ, ખજાનચી તરીકે શ્રીમતી ફોરમબેન રાઠોડ તેમજ કારોબારી સભ્ય તરીકે સર્વશ્રી દિલિપભાઈ ગજ્જર, પ્રહલાદભાઈ ચૌધરી, જે.ડી. વાઘેલા, પી.જી. ચંડીસરા, ડી.પી. પંડયા, ડી.પી. પટેલ, પી.વી. મોઢ, ડી.એલ. સોલંકી, કિરિટભાઈ બેંકર અને જીતેન્દ્રભાઈ વાળંદની નિયુકિત કરવામાં આવી હોવાનું સોસાયટીના મેનેજરશ્રી અમૃતભાઈ પટેલે જણાવ્યું છે.

## ચિલોડા ખાતે હરસ, મસા અને ભગંદરનો નિઃશુલ્ક કેમ્પ યોજાશે

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમાન ચિલોડા ખાતે ડો.પ્રમોદ શાહ મેમોરીયલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બે દિવસીય હરસ,મસા, ભગંદર તેમજ ગુદા માર્ગના રોગોનો મફત નિદાન કેમ્પ તથા રાહત દરે ઓપરેશનનું આયોજન તા.૨૭ અને ૨૮ મે ને શનિ-રવિવારના રોજ સવારે ૧૦થી ૧ કલાક દરમિયાન ક્રિષ્ણા કિલનીક અશ્વમેઘ કોમ્પલેક્ષ, ડો. કૌશિક શાહ સાદરા રોડ ચિલોડા ચાર રસ્તા ખાતે યોજાશે. આ કેમ્પમાં તબિબિ સેવા ડો. રવિ.એ. પટેલ ( આયુ. પ્રોકટોલોજીસ્ટ) દ્વારા આપવામાં આવશે. આ બે દિવસીય ફ્રી નિદાન કેમ્પનો લાભ મોટી સંખ્યામાં લેવા ચિલોડાના ગ્રામજનો તેમજ આસપાસના નાગરીકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોટી આદરજમાં ચાલતા વરલી મટકા જુગારના અડ્ડા પર દરોડો

## એસઓજીએ દરોડો પાડી રૂ. ૯૩૭૦ના મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોને પકડી પાડયા

ગાંધીનગર, તા.૨૬

પેથાપુર નજીક આવેલા મોટી આદરજ ગામની ભાગોળે આવેલા ગલ્લાઓની પાછળ ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાડાઈ રહ્યો હોવાની બાતમી ગાંધીનગર એસઓજીને મળતા ગઈ સમી સાંજે દરોડો પાડયો હતો. એસઓજીની ટીમે ત્રણ શખ્સોને ઝડપી પાડી વરલી મટકાનો જુગાર રમવા આંકડાઓ લખેલા સાહિત્ય સહિત રૂ. ૯૩૭૦ના મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

એસઓજી પી.આઈ. ડી.ડી. સોઢાની ટીમના પીએસઆઈ ડી.ડી. પરમાર અને એલ.એસ. ચૌધરી તથા તેમનો સ્ટાફ પેટ્રોલીગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે પેથાપુર નજીક આવેલા મોટી આદરજ ગામના ઠાકોર વાસમાં રહેતો ગોરધન ડાહ્યા ઠાકોર મોટી આરરજ ગામની ભાગોળમાં આવેલા ગલ્લાઓની પાછળ ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. તેને આધારે એસઓજીની ટીમે દરોડો પાડીને મોટી આદરજના ઠાકોર વાસમાં રહેતા ગોરધન ડાહ્યા ઠાકોર, ટીમ્બાવાળા વાસમાં રહેતા રમતા નટુ રામા ઠાકોર અને જેડા ખાંટના વાસમાં રહેતા રમતા બળદેવ ઠાકોર નામના ત્રણેય શખ્સોને રંગે હાથ પકડી પાડયા હતા. રોકડ રૂ. ૭૮૭૦ તથા મોબાઈલ અને જુગારના સઘન સાહિત્ય મળી કુલ રૂ. ૯૩૭૦ના મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ કરી લઈ મુદ્દામાલ તથા આરોપીઓ પેથાપુર પોલીસને સોંપી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

## ગુરૂબ્રાહ્મણ સમાજનો સ્નેહમિલન યોજાશે

છેડાલ પરગણા ચોગવા ગુરૂબ્રાહ્મણસમાજનો સ્નેહમિલન અને ચોપડા વિતરણ કાર્યક્રમ તા. ૨૮।૫।૧૭ ના રોજ આંબેડકર હોલ ખાતે યોજાશે.

આ કાર્યક્રમમાં ચોપડા વિતરણની સાથે ધો - ૭થી ૧૨ના વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે સાથે સ્નેહમિલન કાર્યક્રમમાં લોક સંગીત કાર્યક્રમ પણ યોજાશે. આ કાર્યક્રમ માણવા સમાજના પ્રમુખ નિકુંજ પી. વૈશ્યકે હાર્દિક આમંત્રણ પાઠવ્યુ છે.

## રવિવારે કૈલાસ માનસરોવરના યાત્રિકોનો શુભેચ્છા સમારોહ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરની કૈલાસ માનસરોવર સેવા સમિતિએ દર વર્ષની જેમ આ વર્ષે પણ કૈલાસની યાત્રાએ જઈ રહેલા યાત્રિકો માટે શુભેચ્છા સમારોહનું આયોજન કર્યું છે. સે-૨૧માં વૈજનાથ મહાદેવના મંદિરે તા. ૨૮મી મે રવિવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે આ શુભેચ્છા સમારોહ યોજાશે. જેમાં મુખ્ય મહેમાન પદે ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે તથા ધારાશાસ્ત્રી વિજયભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહી યાત્રિકોને શુભેચ્છા પાઠવશે. સેવા સમિતિ તરફથી આ પ્રસંગે યાત્રિકોને શ્રીફળ, રૂદ્રાક્ષની માળા તથા સાકરના પડાથી અભિવાદન કરાશે તેમજ યાત્રિકોનું જરુરી મેડીકલ ચેકઅપ કરવાની સેવા પણ પુરી પડાશે. આ સાથે સેવા સમિતિની સામાન્ય સભા પણ યોજાશે. જેમાં જિલ્લાના તમામ સભ્યોને હાજર રહેવા અનુરોધ કરાયો છે.

## આઈ લવ માય ગાંધીનગર



**જનક ઠક્કર**
**એક્ટર**

**ગાંધીનગર ગમે**

હરિયાળી, સુંદર વાતાવરણ, સુંદર શહેર અને કલાવંત, સંસ્કૃતિપ્રેમી નગરજનોને કારણે ગાંધીનગર શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**

કલા, સંસ્કૃતિ અને ઉત્સવ પ્રેમી નાગરિકો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, જલારામ સેવા સમાજ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા અને જી ઈ કલબ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી અનેકવિધ પ્રવૃત્તિઓ મને ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા બાબતે વધુ ધ્યાન અપાય અને યુવા વર્ગને સકારાત્મક કાર્યોમાં જોડવામાં આવે તે માટેના પ્રયાસો કરવા જરૂરી લાગે છે.

**નગર માટે હું કરી શકું**

વ્યક્તિત્વ વિકાસના ઉપક્રમો માટે મારું સંપૂર્ણ યોગદાન શહેરને આપવા હું તૈયાર છું.

## સ્વચ્છતા અંગે જનજાગૃતિના સંદેશ સાથે

# પ.બંગાળનો યુવાન સાયકલ યાત્રી ગાંધીનગર પહોંચ્યો

( નિકેશ બ્રહ્મભટ્ટ )

ગાંધીનગર, તા.૨૬

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરુ કરવામાં આવેલ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના ચાંબદાની શહેરનો યુવાન સમગ્ર દેશના નાગરીકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિનો સંદેશ ફેલાવવા માટે સાયકલ યાત્રાએ નીકળ્યો છે ત્યારે ૭ રાજયો અને ૬ હજાર કિલોમીટર સાયકલ ચલાવીને આ યુવાન જયદેવ રાઉત રાય ગત્ સાંજે ગાંધીનગર શહેર આવી પહોંચ્યો હતો. જયાં શહેરના મેયર, ધારાસભ્ય અને ભાજપ શહેર પ્રમુખ દ્વારા યુવાનનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ યુવાન ગુજરાતના પહોળા માર્ગો અને સ્વચ્છતા જોઈ ખુશ થઈ ગયો હતો. જયારે ગાંધીનગર ખાતે રહેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નાનાભાઈ પંકજભાઈની પણ ઓફિસે મુલાકાત લીધી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતભરમાં સ્વચ્છ ભારત અભિયાન ચાલી રહ્યું છે. દરેક રાજયમાં સફાઈ અંગે વિશેષ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. શહેર તેમજ ગામડાઓને સ્વચ્છ રાખવા માટે તંત્રના અધિકારી-કર્મચારીઓ રાત-દિવસ મહેનત કરી રહ્યા છે. ત્યારે ભારતના દરેક નાગરીકમાં સફાઈ અંગે જાગૃતિનો સંદેશો ફેલાવવા માટે પ.બંગાળના હુગલી જિલ્લાના ચાંબદાની શહેરનો ૪૭ વર્ષિય યુવાન જયદેવ રાઉત રાય ગત્ ૨૬ ફેબ્રુઆરી માસથી સાયકલ લઈને નીકળ્યો છે. ચાંબદાની શહેરમાં જયદેવ પત્નિ અને દિકરી સાથે વસવાટ કરે છે. જયારે જયદેવ નજીકમાં આવેલ કારખાનામાં રૂ.૧૨૦૦૦ ની નોકરી કરે છે નોકરીમાં ૬ માસની રજા લઈને સ્વચ્છતા અભિયાન હેઠળ નાગરીકોમાં જાગૃતિનો સંદેશ ફેલાવવા માટે યુવાન માત્ર રૂ.૪૦૦૦ લઈને ઘરેથી સાયકલ લઈને નીકળી પડ્યો છે. ફેબ્રુઆરી ૨૬ના રોજ સાયકલ લઈને પ.બંગાળથી નીકળેલ જયદેવ ઓડીસા, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કર્ણાટક, ગોવા, મહારાષ્ટ્ર થઈને ૬૦૦૦ કિ.મી.થી વધુ સાયકલ ચલાવીને ગુજરાતમાં પ્રવેશીને વલસાડ, સુરત, વડોદરા, અમદાવાદ થઈને ગાંધીનગર આવી પહોંચ્યો હતો. શહેરમાં યુવાનનું મેયર પ્રવિણભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્ર દાસ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. યુવકે શહેરમાં મહાત્મા મંદિર અને અક્ષરધામની મુલાકાત લઈ આનંદ અનુભવ્યો હતો. છ રાજયો અને સાત હજાર કિ.મી.ની સાયકલ યાત્રા ખેડી ચુકેલા યુવાનની હજુ આગળના રાજયની યાત્રા ખેડશે. જેમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, દિલ્હી, હરિયાણા, પંજાબ, જમ્મુ-કાશ્મીર, ઉત્તરપ્રદેશ, બિહાર, હિમાચલપ્રદેશ, આસામ થઈ કલકત્તા ખાતે પોતાની યાત્રા પૂર્ણ કરશે. જયદેવને અન્ય રાજય કરતા ગુજરાત ખુબ સુંદર લાગ્યું છે. રાજયના પહોળા અને ચકચકિત માર્ગોથી એ પ્રભાવિત થયો છે. જયારે સફાઈ અન્ય શહેરો કરતા ગુજરાતમાં પ્રમાણમાં સારી છે તેમ જણાવ્યું હતું. સાયકલ યાત્રા દરમિયાન જયાં પણ નાગરીકો દેખાય ત્યાં જયદેવ ઉભો રહે છે અને સ્વચ્છતા અંગે જાગૃત કરે છે. જયારે પોતની સાયકલમાં જરૂરીયાત પ્રમાણેનો સામાન સાથે રાખ્યો છે. જયારે દરેક રાજયમાં નાગરીકોએ ખુબ પ્રેમ, સ્નેહ, સાથ અને સહકાર સાથે આર્થિક સહયોગ પણ પુરો પાડ્યો છે તેમ જયદેવે જણાવ્યું હતું. ગાંધીનગરમાં એક દિવસના રોકાણ બાદ શનિવારના રોજ સવારે યુવક રાજસ્થાન તરફ જવા માટે પ્રસ્થાન કરશે.

**યુવાન ફેબ્રુઆરી માસથી સાયકલ લઈને નીકળ્યો છે, અત્યાર સુધીમાં સાત રાજયો અને ૭૦૦૦ કિ.મી. સાયકલ ચલાવી : હજુ રાજસ્થાન, દિલ્હી, મધ્યપ્રદેશ, ઉતરપ્રદેશ, હરિયાણા,પંજાબ, જમ્મુ-કાશ્મીર, આસામ, હિમાચલ થઈ પ.બંગાળ પરત જશે : યુવા સાહસિક ૨૦ હજાર કિ.મી. સાયકલ યાત્રા ખેડશે**




## નિર્માણ ન્યૂઝ ચેનલ પર આજે ભરત કવિનો ઈન્ટર્વ્યૂ પ્રસારિત થશે

ગાંધીનગર, તા. ૨૬

નિર્માણ ન્યૂઝ ચેનલ પર શનિવારે રાત્રે ગાંધીનગરના અગ્રણી કવિ, સાહિત્યકાર ભરત કવિ 'ઊર્મિલ'નો ઈન્ટર્વ્યૂ પ્રસારિત થઈ રહ્યો છે.

આ અંગેની વિગતો આપતાં સાહિત્ય સભાના અગ્રણી સંજય થોરાતે જણાવ્યું છે કે સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ અને કવિ, સાહિત્યકાર ભરત કવિ 'ઊર્મિલ'નો ઈન્ટર્વ્યૂ નિર્માણ ન્યૂઝ ચેનલ (જીટીપીએલ નેટવર્ક, ચેનલ નં. ૨૭૧) ઉપર શનિવાર, તા. ૨૭મી મે ના રોજ રાત્રે ૯.૩૦ કલાકે પ્રસારિત થઈ રહ્યો છે. આ ઈન્ટર્વ્યૂનું રિપીટ ટૅલિકાસ્ટ રવિવારે સવારે ૮ કલાકે કરવામાં આવશે.

ગાંધીનગરના સાહિત્યરસિકોને આ ઈન્ટર્વ્યૂનો લાભ લેવા તેમણે અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

● સ્વ. ઠાકોર ભીખાજી માનાજી, ઉ.વ. ૬૦